**P7074**

RAN-1908002201010002

# RAN-1908002201010002

## F.Y.B.Com. (External) Examination March - 2026
## (Core: Compulsory – Gujarati)
## Bhasha Sahitya Kaushal - Pratyayan Kaushal

**Time: --- Hours ]** **[ Total Marks: 100**

| સૂચના : / Instructions | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book<br>(2) જમણી બાજુના અંક પ્રશ્નોના પૂરા ગુણ દર્શાવે છે. | Student's Signature |

**પ્ર-1.** સંસ્કૃતિ એટલે શું? સમજાવી તેને ઘડનારાં પરિબળોની ચર્ચા કરી સિંધુ ખીણની સંસ્કૃતિના મુખ્ય લક્ષણો જણાવો. **20**

**અથવા**

**પ્ર-1.** ગુજરાતની ભૌગોલિક વિવિધતામા ઉત્તર ગુજરાતની લાક્ષણિકતાઓ ચર્ચો.

**પ્ર-2.** ''કિશનસિંહ ચાવડાની સાહિત્ય સાધના જીવનલક્ષી છે'' - ''અમાસના તારા'' ના અનુલક્ષમાં વિધાનની યથાર્થતા તપાસો. **20**

**અથવા**

**પ્ર-2.** 'અમાસના તારા' માં લેખકે વ્યક્તિઓના આલેખેલા સ્મરણચિત્રોની સમીક્ષા કરો.

**પ્ર-3.** ધર્મજીવન કો-ઓપરેટીવ સોસાયટી, સુરતના ચેરમેન તરફથી સોસાયટીના કલરકામ માટે 'મંગલમ કલર કંપનીને પત્ર લખી પૂછપરછ કરો અને યોગ્ય પ્રત્યુત્તર તૈયાર કરો. **20**

**અથવા**

**પ્ર-3.** એલ. જી. ઈલેક્ટ્રોનિક્સને તમે ત્રણ એ.સી. નો ઓર્ડર આપ્યો હતો પરંતુ તે નુકસાનીવાળા હોવાની ફરિયાદ કરતો પત્ર તૈયાર કરો અને કંપની તરફથી યોગ્ય પ્રત્યુત્તર તૈયાર કરો.

**પ્ર-4.** સંદેશ વર્તમાન પત્રમાં આવેલી જાહેરાતના અનુસંધાને નર્મદ લાયબ્રેરીમાં ખાલી પડેલ લાયબ્રેરિયનની જગ્યા માટે ઉમેદવારી નોંધાવતી અરજી તૈયાર કરો. **20**

**અથવા**

**પ્ર-4. અ)** બે ઉઘરાણી પત્રોના જવાબ ન મળતા 'અંબિકા વસ્ત્ર ભંડાર' ને ત્રીજો ઉઘરાણી પત્ર પાઠવો. **10**

**બ)** હોદ્દેદાર વ્યક્તિ તરફથી આપવામાં આવતા પ્રમાણપત્રનો નમૂનો તૈયાર કરો. **10**

**પ્ર-5.** **ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **20**

1) ગુજરાતમાં વસ્તી ભાતીગળ પ્રજાનો પરિચય.

2) ગુજરાતનો સુવર્ણયુગ એટલે સોલંકીયુગ?

3) ફરિયાદ પત્રમાં ફરિયાદનાં કારણો.

4) 'અમાસન તારા' ની ભાષાશૈલી.

**અથવા**

**પ્ર-5.** અ) 'રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા' વિષય પર નિબંધ તૈયાર કરો. **12**

બ) **સારાંશ લખો અને તેને યોગ્ય શીર્ષક આપો.** **05**

હકનું સાચું મૂળ, કર્તવ્યપાલનમાં રહેલું છે. જો આપણે બધા આપણી ફરજો બરાબર બજાવીએ તો આપણે હક્કો મેળવવા બહુ દૂર જવું નહી પડે, જો આપણી ફરજો બજાવ્યા વગર આપણે હક્ક પાછળ દોડીએ તો તે મૃગજળની માફક છટકી જશે. અને તેની પાછળ જેટલા વધારે પડીશું તેટલા તે આપણાથી દૂરને દૂર રહેશે. શ્રીકૃષ્ણે આ જ ઉપદેશ નીચેના અમર શબ્દોમાં આપ્યો છે ''તારો અધિકાર કેવળ કર્મનો છે. ફળનો નહીં.'' અહીં કર્મ એટલે ફરજ, ફળ એટલે હક્ક. જીવનની મુખ્ય જરૂરીયાતો મેળવવાનો હક્ક જેટલો પશુપંખી છે તેટલો જ સરખો હક્ક મનુષ્યને છે અને દરેક હક્કની સાથે તેને લગતી ફરજ અને હક્ક પર હુકમો થાય તો તેની સામેનો ઈલાજ જાણી લેવાનો જ હોય છે. તેથી આ પ્રાથમિક પાયારૂપ સમાનતાને સાચવવાને સારું તેને લગતી ફરજો, અને એ શ્રમનું ફળ મારી પાસેથી પડાવી લેનાર જોડે અસહકાર કરવો એ હક્ક સાચવવાનો ઈલાજ છે.

**- ગાંધીજી**

**પ્ર-5.** ક) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. **03**

1) જો જે અમુ, તું આવું કાંઇ ન કરતી.

---